J4C6M4

સ્વાધ્યાય

1. નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :

(1) સિંધુખીણ સભ્યતાના અવશેષો સૌપ્રથમ કયાં સ્થળેથી મળી આવ્યા ?

(A) હડપ્પા (B) લોથલ (C) મોહેં-જો-દડો (D) કાલિબંગાન

(2) હડપ્પીય સભ્યતાનું કૃષિકાંતિનું મથક કયું નગર હતું ?

(A) લોથલ (B) મોહેં-જો-દડો (C) કાલિબંગાન (D) ધોળાવીરા

(3) ઋગ્વેદમાં કેટલાં મંડળો છે?

(A) 12 (B) 15 (C) 10 (D) 4

2. ટૂંકમાં ઉત્તર આપો :

(1) હડપ્પીય સભ્યતાના નગરના રસ્તાઓનો પરિચય આપો.

(2) 'હડપ્પીય પ્રજાની સર્જનશક્તિ અને કલાકારીગરી રમકડાંમાં વ્યક્ત થાય છે.' વિધાન સમજાવો.

(3) લોથલ વિશે નોંધ લખો.

3. ખાલી જગ્યા પૂરો :

(1) કાલિબંગાન હાલ ..... રાજ્યમાં આવેલ છે.

(2) હડપ્પીય સભ્યતામાં મળી આવેલ સ્નાનાગૃહ ..... નગરમાં આવેલ છે.

(3) ધોળાવીરા ..... જિલ્લામાં મળી આવેલ પુરાતત્ત્વીય સ્થળ છે.

4. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :

(1) હડપ્પીય સભ્યતા મિસર સભ્યતાની સમકાલીન માનવામાં આવે છે.

(2) ધોળાવીરામાં વરસાદના પાણીના સંગ્રહની વ્યવસ્થા હતી.

(3) ધોળાવીરાની નગરરચના બે ભાગમાં વહેંચાયેલ છે.

(4) વેદ મુખ્યત્વે સાત છે.

પ્રવૃત્તિ

- તમારી શાળામાંથી શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત લોથલનો પ્રવાસ કરો અને તેના વિષયક માહિતી એકત્ર કરો.
- હડપ્પીય સભ્યતાના માનવજીવન વિશે હસ્તલિખિત અંક બનાવો.

સા.વિ., ધોરણ 6, એકમ 2
શર્મા હિરેન કુમાર
પ્રા શાળા વાવડી,ખેડા
9574566503

LIVEWORKSHEETS